પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-10-2025** **Evening : 7.50 to 8.00 PM**

**Day : Friday** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

1) **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 17મા રાષ્ટ્રી ય રોજગાર મેળા માં કહ્યું કે, યુવાનોના સપનાઓને પૂર્ણ કરવાનું સાધન બની ગયા છે.**

2) કેન્દ્રીય મંત્રી જયોતિરાદિત્ય સિંધિયાએ ગુજરાતના એકતાનગર ખાતે ગ્રામીણ ડાક સેવક સંમેલનમાં કહ્યું, ભારત દેશ પાસે વિશ્વનું સૌથી મોટું પોસ્ટલ નેટવર્ક છે.

3) બિહાર વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે પ્રચાર તેજ બન્યો.

4) **રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું છે કે, દેશના વિકાસ માટે મહીલાઓની ભાગીદારી જરૂરી**

5) **સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે રાજસ્થાનના જેસલમેરમાં આર્મી કમાન્ડર્સ કોન્ફરન્સની અધ્યક્ષતા કરી.**

6) **નાણામંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું હતું કે આગામી પેઢીના GST સુધારા કરવેરા પ્રણાલીને વધુ કાર્યક્ષમ, સમાન અને વિકાસલક્ષી બનાવશે.**

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

## PM ROZGAR MELA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે રોજગાર મેળા યુવાનોના સપનાઓને પૂર્ણ કરવાનું માધ્યમ બની ગયા છે.

શ્રી મોદીએ આજે નવી દિલ્હીમાં આયોજિત 17મા રાષ્ટ્રીય રોજગાર મેળા દરમિયાન એક વિડીયો સંદેશમાં આ નિવેદન આપ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન , રોજગાર મેળા પહેલ હેઠળ વિવિધ સરકારી વિભાગો અને સંગઠનોમાં નવા ભરતી થયેલા 51 હજાર થી વધુ કર્મચારીઓને નિમણૂક પત્રો સોંપવામાં આવ્યા હતા. શ્રી મોદીએ જણાવ્યું હતું કે આ રોજગાર મેળાઓ દ્વારા 11 લાખથી વધુ યુવાનોને નિમણૂક પત્રો આપવામાં આવ્યા છે.

(બાઇટ - પી એમ યૂથ રોલ)

પ્રધાનમંત્રીએ 'વિકાસિત ભારત યોજના' પણ શરૂ કરી હતી, જેનો ઉદ્દેશ્ય સાડા ત્રણ કરોડ યુવાનોને રોજગાર પૂરો પાડવાનો છે. શ્રી મોદીએ જણાવ્યું હતું કે યુવાનોનું સશક્તિકરણ કરવું એ ભાજપ-એનડીએ સરકાર માટે પ્રાથમિકતા છે. તેમણે ભાર મૂક્યો હતો કે સ્કીલ ઇન્ડિયા મિશન જેવી પહેલ યુવાનોને કૌશલ્ય તાલીમ પૂરી પાડે છે.

(બાઇટ - પીએમ સ્કિલ ઇન્ડિયા મિશન )

પ્રધાનમંત્રીએ કહ્યું કે ભારતની રાજદ્વારી વાટાઘાટો અને વૈશ્વિક સમજૂતી કરારોમાં યુવા તાલીમ , કૌશલ્ય વિકાસ અને રોજગાર નિર્માણ માટેની જોગવાઈઓ પણ શામેલ છે.

(બાઇટ - પીએમ વિદેશ નીતિ )

## Gujarat Employment Fair

કેન્દ્રીય સંચાર મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાની અધ્યક્ષતામાં એકતાનગર SRP ગ્રાઉન્ડ ખાતે ગ્રામીણ ડાક સેવક સંમેલન યોજાયું.

કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ ગ્રામિણ ડાક સેવકોને પરિવારના સભ્યો ગણાવતા જણાવ્યું કે , આજના આધુનિકતાના યુગમાં એકતાનું પ્રતિક એટલે સૌ ગ્રામિણ ડાક સેવકો છો.

કેન્દ્રીય મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું કે , ભારત દેશ પાસે વિશ્વનું સૌથી મોટું પોસ્ટલ નેટવર્ક છે. તેના માધ્યમથી ડાક સેવકો દરેક સુવિધા ઘર સુધી પહોંચાડીને વ્યક્તિના જીવનમાં ખુશી લાવે છે. ડાક સેવા એ જન સેવા છે , જે પરિવારનમાં નવી નોકરી-પ્રગતિના સંદેશા પહોંચાડી રોશનીનું પ્રથમ કિરણ ફેલાવે છે. સાથે સુકન્યા સમૃદ્ધિથી વિધવા-વૃદ્ધ પેન્શન સુધીની સુવિધા ઘર આંગણે પુરી પાડે છે.

કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ ડાક સેવક સંમેલન બાદ સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત કરી અખંડ ભારતના શિલ્પી સરદાર સાહેબને પુષ્પાંજલિ અર્પી હતી.

**આ અગાઉ કેન્દ્રીય સંદેશાવ્યવહાર મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ વડોદરાના પોસ્ટલ તાલીમ કેન્દ્ર ખાતે આયોજિત રોજગાર મેળામાં ટપાલ , રેલ્વે અને CGST સહિત વિવિધ વિભાગોના 86 ઉમેદવારોને નિમણૂક પત્રોનું વિતરણ કર્યું.**

**વડોદરામાં નવ નિયુકત ઉમેદવારોને સંબોધતા , શ્રી સિંધિયાએ જણાવ્યું હતું કે રોજગાર મેળો રોજગાર સર્જનને પ્રાથમિકતા આપવાની પ્રધાનમંત્રીની પ્રતિબદ્ધતાને પૂર્ણ કરવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે.**

(બાઇટ-કેન્દ્રીય સંચાર મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયા)

## PM ARTICLE

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે કહ્યું , દેશના જહાજ નિર્માણ અને દરિયાઈ માળખાગત સુવિધાને પુનર્જિવિત કરવા સરકારનું આઠ અબજ અમેરિકી ડૉલરનું પેકેજ સામાન્ય નહીં , પરંતુ મહત્વાકાંક્ષાનો સંકેત છે. બંદર , શિપિંગ અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલના સોશિયલ મીડિયા પરના એક લેખને રજૂ કરતા**

**પ્રધાનમંત્રીએ કહ્યું, આ લેખ જણાવે છે કે , કઈ રીતે મેંક ઇન ઇન્ડિયા પ્રોત્સાહન અને બંદરનું આધુનિકીકરણના પ્રયાસથી વધતા અને સ્થિતિસ્થાપક ઔદ્યોગિક આધારે દેશને એક વિશેષ લાભ આપ્યો છે.**

**સોશિયલ મીડિયા સંદેશની એક શ્રેણીમાં પ્રધાનમંત્રીએ એ વાત પર પણ પ્રકાશ પાડ્યો કે, કઈ રીતે આગામી પેઢીના વસ્તુ અને સેવા કર – GST સુધારાઓએ દેશના આર્થિક આત્મવિશ્વાસને વધાર્યો છે. તેમણે કહ્યું , આ નાણાકીય વર્ષમાં અત્યાર સુધી ભારતીય ઑટો નિકાસ પણ વિક્રમી 31 લાખ 40 હજાર એકમ સુધી પહોંચી છે.**

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

## Bihar Assembly Elections

બિહાર વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે પ્રચાર તેજ બન્યો છે. વિવિધ રાજકીય પક્ષોના નેતાઓ પ્રચારમાં વ્યસ્ત છે. ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદીએ આજે સમસ્તીપુરમાં ચૂંટણી રેલી સાથે રાષ્ટ્રીય

લોકશાહી જોડાણ (એનડીએ) ના વિધાનસભા ચૂંટણી પ્રચારનો પ્રારંભ કર્યો. રેલી દરમિયાન, તેમણે સમાજવાદી નેતા કરપુરી ઠાકુરના વારસાને યાદ કર્યો અને રાજ્યમાં વિકાસને વેગ આપવા અને સામાજિક ન્યાય સુનિશ્ચિત કરવાનો સંકલ્પ લીધો.

શ્રી મોદીએ કરપુરી ઠાકુરને તેમના જન્મસ્થળ, કરપુરી ગામમાં પુષ્પાંજલિ અર્પણ કરી.

શ્રી મોદીએ બેગુસરાયમાં એક જાહેર સભાને પણ સંબોધિત કરી

## BIHAR ELECTION

બિહાર વિધાનસભાની ચૂંટણીમાં, મતદાન વધારવા માટે પહેલી વાર મતદાન કરનારા અને યુવા મતદારો પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. આકાશવાણી ન્યૂઝ સાથે ખાસ વાત કરતા , અધિક મુખ્ય ચૂંટણી અધિકારી પ્રશાંત કુમારે જણાવ્યું હતું કે SVEEP હેઠળ વિવિધ મતદાતા જાગૃતિ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. તેમણે કહ્યું કે યુવા મતદારોને પ્રોત્સાહિત કરવા અને જોડવા માટે સેલ્ફી પોઈન્ટ સ્થાપવા અને અન્ય કાર્યક્રમોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

અધિક મુખ્ય ચૂંટણી અધિકારીએ જણાવ્યું હતું કે સમાજના વિવિધ વર્ગોની ભાગીદારીને પ્રોત્સાહિત કરવા માટે મહિલાઓ , દિવ્યાંગ વ્યક્તિઓ અને યુવા અધિકારીઓ દ્વારા સંચાલિત મતદાન મથકો સ્થાપિત કરવામાં આવશે.

## EVE. PRESIDENT-WOMEN

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું છે કે દેશના વિકાસ માટે મહિલાઓની ભાગીદારી જરૂરી છે.

તેમણે કહ્યું કે મહિલાઓના નેતૃત્વ હેઠળનો સમાજ વધુ માનવીય અને અસરકારક બનશે. રાષ્ટ્રપતિએ આજે કેરળના એર્નાકુલમમાં સેન્ટ ટેરેસા કોલેજના શતાબ્દી સમારોહમાં આ નિવેદન આપ્યું હતું. આ પ્રસંગે , રાષ્ટ્રપતિએ કેરળની

મહિલાઓને યાદ કરી જેમણે રાષ્ટ્ર નિર્માણ અને સામાજિક-આર્થિક સુધારાઓમાં શ્રેષ્ઠતાના ઉદાહરણ સ્થાપિત કર્યા છે. તેમણે છેલ્લા કેટલાક દાયકાઓમાં મહિલાઓને શિક્ષિત અને સશક્તિકરણ માટેના સંસ્થાના પ્રયાસોની પણ પ્રશંસા કરી. રાષ્ટ્રપતિએ કોલેજનો શતાબ્દી લોગો બહાર પાડ્યો. કેરળના રાજ્યપાલ વિશ્વનાથ આર્લેકર , રાજ્યમંત્રી સુરેશ ગોપી , રાજ્ય સરકારના પ્રતિનિધિઓ અને અન્ય મહાનુભાવો સમારોહમાં હાજર રહ્યા હતા.

## 46 JK – RAJYSABHA

જમ્મુ અને કાશ્મીરમાં રાજ્યસભાની ચાર બેઠકો માટે આજે મતદાન થઈ રહ્યું છે. હાલના ધારાસભ્યો શ્રીનગરમાં જમ્મુ અને કાશ્મીર વિધાનસભા સંકુલમાં મતદાન કરવા પહોંચ્યા હતા. વિધાનસભા સંકુલમાં ત્રણ મતદાન મથકો બનાવવામાં આવ્યા છે. સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા સહિત ૭૦ થી વધુ ધારાસભ્યોએ બપોરે ૧૨ વાગ્યા સુધીમાં રાજ્યસભાની ચૂંટણી માટે મતદાન કર્યું હતું. મતદાન સાંજે ૪ વાગ્યા સુધી ચાલુ રહ્યું હતું.

## GOYAL- BERLIN

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે આજે જર્મનીના બર્લિનમાં બર્લિન ગ્લોબલ ડાયલોગના ત્રીજા સંસ્કરણમાં ભાગ લીધો હતો. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી ગોયલે જણાવ્યું હતું કે , ભારત લાંબા ગાળાના અને પરસ્પર વિકાસના દ્રષ્ટિકોણથી તેની વેપાર ભાગીદારીને જોવાનું ચાલુ રાખે છે. મંત્રીએ વૈશ્વિક કંપનીઓ માટે દેશમાં ખુલી રહેલી વિશાળ તકો પર પણ પ્રકાશ પાડ્યો હતો. મંત્રીએ બર્લિનમાં બિઝનેસ લીડર્સ રાઉન્ડટેબલમાં જર્મન સીઈઓ સાથે પણ મુલાકાત કરી હતી. શ્રી ગોયલે પુનરોચ્ચાર કર્યો હતો કે સહાયક નીતિ ઇકોસિસ્ટમ , નવીનતા અને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપીને , દેશને વૈશ્વિક સ્તરે સૌથી આકર્ષક રોકાણ સ્થળોમાંનું એક બનાવી રહી છે.

## POSHAN HELPLINE CHANGE

સરકારે પોષણ અને પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના માટે ટોલ-ફ્રી હેલ્પલાઇન નંબર બદલવાનો નિર્ણય લીધો છે. મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે જણાવ્યું હતું કે નવો હેલ્પલાઇન નંબર ૧૫૧૫ આવતા મહિનાની ૧લી તારીખથી કાર્યરત થશે , જે હાલના નંબર ૧૪૪૦૮ને બદલે છે. તેમાં કહેવામાં આવ્યું છે કે , આ પગલાથી નાગરિકોને સહાય સેવાઓ યાદ રાખવામાં અને તેનો ઉપયોગ કરવામાં સરળતા રહેશે.

## RAJNATH - ARMY COMMANDERS

**સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે રાજસ્થાનના જેસલમેરમાં આર્મી કમાન્ડર્સ કોન્ફરન્સની અધ્યક્ષતા કરી હતી. આર્મી કમાન્ડર્સ કોન્ફરન્સ એ સેનાના વરિષ્ઠ નેતૃત્વ માટે સુરક્ષા પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવા , ઓપરેશનલ પ્રાથમિકતાઓ પર ચર્ચા કરવા અને મુખ્ય નીતિગત નિર્ણયો લેવા માટે એક ઉચ્ચ-સ્તરીય સંસ્થાકીય મંચ છે. ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ ( CDS) જનરલ અનિલ ચૌહાણની સાથે , શ્રી સિંહે વર્તમાન સુરક્ષા પરિસ્થિતિની સમીક્ષા કરી અને ભારતીય સેનાની ઓપરેશનલ ક્ષમતાઓને વધારવા માટેની વ્યૂહરચનાઓની શોધ કરી.**

**કોન્ફરન્સ દરમિયાન, સંરક્ષણ પ્રધાને નમન કેન્દ્ર , સૈનિક યાત્રી મિત્ર એપ અને ઉપકરણ હેલ્પ લાઇન એપ લોન્ચ કરી , જેનો હેતુ સૈનિકો અને તેમના પરિવારોને આધાર આપવાનો છે. કોન્ફરન્સ પહેલા , શ્રી સિંહે તનોટ માતા મંદિરની મુલાકાત લીધી, પ્રાર્થના કરી અને પરંપરાગત ધાર્મિક વિધિઓમાં ભાગ લીધો , અને મંદિર સંકુલમાં પડેલા 1965ના ભારત-પાકિસ્તાન યુદ્ધના ન ફૂટેલા બોમ્બનું નિરીક્ષણ કર્યું**

## REV. NIRMALA-GST

**નાણામંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું હતું કે આગામી પેઢીના GST સુધારા કરવેરા પ્રણાલીને વધુ કાર્યક્ષમ , સમાન અને વિકાસલક્ષી બનાવશે. તેમણે જણાવ્યું**

હતું કે સરકાર પ્રામાણિક કરદાતાઓના જીવનને સરળ બનાવવા માટે પ્રતિબદ્ધ છે. ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદમાં નવા CGST ભવનનું ઉદ્ઘાટન કરતા , નાણામંત્રીએ જણાવ્યું હતું કે કાર્યક્ષમ કરવેરા પ્રણાલી આર્થિક વિકાસને પ્રોત્સાહન આપશે.

સુશ્રી સીતારમણે જણાવ્યું હતું કે સરળ GST નોંધણી યોજના આવતા મહિનાની પહેલી તારીખથી અમલમાં આવશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે લગભગ 96 ટકા નવા અરજદારોને આ સુધારાનો લાભ મળવાની અપેક્ષા છે. તેમણે ઉમેર્યું હતું કે GST સેવા કેન્દ્રોમાં પર્યાપ્ત સ્ટાફ , સુલભતા અને યોગ્ય જાળવણી સુનિશ્ચિત કરવામાં આવશે જેથી કરદાતાઓને સમયસર અને ગુણવત્તાયુક્ત સહાય મળે